Divyabhaskar (Suppl.: Citybhaskar)

EDII

December 1, 2024
Pg. 1




**જાગૃતિ યાત્રાઃ દેશભરના વિવિધ રાજ્યોની મુલાકાત કરી ગુજરાતમાં જાગૃતિ યાત્રાનું સમાપન કરાયું**

# 15 દિવસઃ 12 રાજ્ય ટ્રેન જર્ની દ્વારા 530 યંગસ્ટર્સે આંત્રપ્રિન્યોરશિપ ઈકોનોમી જાણી, નેટવર્કિંગ કર્યું

**અમદાવાદ :** યંગસ્ટર્સમાં આંત્રપ્રિન્યોરશિપની પ્રેરણા લાવવા 16 નવેમ્બરે મુંબઈથી જાગૃતિ યાત્રાનો પ્રારંભ થયો હતો. જે યાત્રા થકી પાર્ટિસિપેન્ટ્સે દેશના 11 રાજ્યોની મુલાકાત લઈ, 12મા રાજ્ય તરીકે ગુજરાતના અમદાવાદ શહેર પહોંચી હતી. જ્યાં આ યાત્રાના 530 યાત્રીએ ગાંધી આશ્રમ અને EDIIની મુલાકાત લીધી હતી. આ મુલાકાતમાં તેમણે માનવ સાધના સંસ્થાની કામગીરી જાણી. જાગૃતિ યાત્રા છેલ્લા 15 દિવસથી દેશનું પરિભ્રમણ કરીને વિવિધ રાજ્યમાં આંત્રપ્રિન્યોર્સની સક્સેસ સ્ટોરી જાણી પ્રેરણા મેળવી રહી છે.

## 17 વર્ષમાં 10હજાર યંગસ્ટર્સ જોડાયાં છે



આ યાત્રા છેલ્લા 17 વર્ષથી ચાલી રહી છે અને મુખ્યત્વે યાત્રામાં એવા લોકો જોડાય છે, જેઓ ક્યાંકને ક્યાંક પોતાનું સ્ટાર્ટઅપ શરૂ કરી ચૂક્યા છે અથવા તો પોતાનું સ્ટાર્ટઅપ શરુ કરવા માગે છે. આવા લોકો યાત્રામાં જોડાઈને પોતાનું એક નેટવર્કિંગ ઊભું કરી શકે છે. સાથે અન્ય લોકોમાંથી પ્રેરણા લઈને, પોતાના કામને વધારે યોગ્ય કરી શકે છે. 2008માં શરૂ થયેલ આ જાગૃતિ યાત્રામાં અત્યારસુધી 10,000 જેટલા યુવાનો જોડાઈ ચૂક્યાં છે જેમાંથી ઘણાં હવે વોલન્ટિયર તરીકે પણ કામગીરી કરી રહ્યાં છે. ઘણાં લોકો પોતાનું સ્ટાર્ટઅપ શરૂ કરીને યોગ્ય બિઝનેસ પણ કરી રહ્યાં છે. **-આશુતોષ કુમાર, સીઈઓ, જાગૃતિ યાત્રા**

## માનસિક સ્વાસ્થ્ય અવેરનેસ લાવવા કાર્યરત છું, યાત્રામાં 500 લોકો સાથે વાત કરી



હું મૂળ બિહારની છું અને છેલ્લા અમુક વર્ષોથી લંડનમાં સ્થાયી છું. મારે લોકોમાં માનસિક સ્વાસ્થ્ય પર અવેરનેસ લાવવાની કામગીરી શરૂ કરવી હોવાના કારણે હું આ જાગૃતિ યાત્રામાં જોડાઈ છું. જ્યાં મને વિવિધ જગ્યાઓ પર જઈને લોકોની માનસિક સ્થિતિને સમજવાની તક મળી છે. તે ઉપરાંત ટ્રેન યાત્રા દરમિયાન પણ 500 લોકો સાથે વાર્તાલાપ કરીને મારી કામગીરીમાં કેવા પ્રકારના સુધારા કરી શકાય તે અંગે પણ માહિતી મેળવી છે. **- તેજસ્વિની**

## મુશ્કેલ જર્ની, છતાં જોડાયો અને IT ક્ષેત્રની તકો વિશે લોકો સાથે વાત કરી



હું દિવ્યાંગ છું, 15 દિવસની ટ્રેન યાત્રા મુશ્કેલ હતી. આંત્રપ્રિન્યોરશિપ અંગે લોકોના મત જાણવા જાગૃતિ યાત્રામાં જોડાયો. IT ક્ષેત્રે કાર્યરત હોવાથી, આ તક વિશે જાણવું હતું. જો કે, યાત્રામાં જાણવા મળ્યું કે, હજું પણ દિવ્યાંગો માટે ઘણી જગ્યાએ સુવિધાઓનો અભાવ છે.**- શિવમ પોરવાલ**